# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-07-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

# RAHAT DARE VITRAN

**રાજ્ય સરકારે આગામી તહેવારોમાં અંત્યોદય અને BPL પરિવારોને વધારાની ખાંડ અને ખાદ્ય તેલનું રાહત દરે વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે.**

અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ આ અંગે વધુ વિગતો આપતાં કહ્યું કે , રાજ્ય સરકાર દ્વારા ખાસ કરીને જન્માષ્ટમીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને BPL કુટુંબોને ગુણવત્તાયુક્ત ખાદ્ય તેલ-ડબલ ફિલ્ટર્ડ સીંગતેલનું કાર્ડદીઠ ૧ લિટરનું પાઉચ ૧૦૦ રૂપિયાના રાહત દરે અપાશે.

આ ઉપરાંત બી.પી.એલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિ.ગ્રા. ખાંડ પણ રાહત દરે અપાશે.

અન્ન અને નાગરિક પુરવઠા રાજ્ય મંત્રી ભિખુસિંહ પરમારે જણાવ્યુ હતું કે, અંત્યોદય તથા અગ્રતા ધરાવતા દરેક કુટુંબોને ચણા કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.ના 30 રૂપિયા તથા તુવેરદાળ કાર્ડદીઠ ૧ કિ.ગ્રા.ના ૫૦ રૂપિયાના રાહત દરે વિતરણ કરવામાં આવશે.

આ સાથે લાભાર્થી કુટુંબોને કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. મીઠું ૧ રૂપિયાના રાહત દરે આપવામાં આવશે. આ તમામ જથ્થો સસ્તા અનાજની દુકાનો સુધી વહેલી તકે પહોંચી જાય તે માટેની કાર્યવાહી ચાલુ માસથી જ કરવામાં આવી હોવાનું પણ તેમણે કહ્યું હતું.

. . . . .

# CM BANASKANTHA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે બનાસકાંઠા જિલ્લાના સરહદી વિસ્તાર નડાબેટ-સુઈગામ ખાતે આયોજિત સમારોહમાં 358 કરોડ રૂપિયા કરતાં વધુના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું... ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જળ સંરક્ષણ, આરોગ્ય, શિક્ષણ, વીજળી અને પર્યાવરણ સંરક્ષણની દિશામાં રાજ્ય સરકાર દ્વારા કરાયેલા કાર્યોની રૂપરેખા આપી હતી..છેવાડાના માનવીને વિકાસના મુખ્ય પ્રવાહમાં જોડવા પ્રતિબદ્ધ હોવાનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે આજે નડાબેટનો વિકાસ થઇ રહયો છે લોકો માટે પ્રવાસન માટે આકર્ષણનું કેન્દ્ર બનશે..

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

. . . . .

# HARSH SANGHVI GAUSHALA

પૂર્વ કચ્છ પોલીસનાં ગૌ સેવાના કાર્યને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ બિરદાવ્યુ હતું. ગાંધીધામમાં પૂર્વ કચ્છ પોલીસ દ્વારા નિર્માણ પામેલી ગૌ શાળાના લોકાર્પણ પ્રસંગે હર્ષ સંઘવીએ કહ્યું હતું કે લોકોએ પોલીસને અત્યાર સુધી ગૌ હત્યારાઓને પકડનારાં તરીકે જોયા હશે. પરંતુ હવે ગાંધીધામમાં શરૂ થયેલી આ ગૌ શાળાએ દેશને એક નવી રાહ ચીધી છે.

(બાઇટ- હર્ષ સંઘવી – ગૃહ રાજ્ય મંત્રી)

. . . . . . . .

# RAJKOT TEACHER'S PANSURIYA

રાજકોટના ઘેલા સોમનાથ મંદિર ખાતે શ્રાવણ માસ દરમિયાન દર્શનાર્થે આવતા મહાનુભાવોના ભોજન સંચાલન માટે શિક્ષકોને જવાબદારી સોંપવાનો પરિપત્ર રદ કરવાનો શિક્ષણ રાજ્ય મંત્રી    પ્રફુલ પાનસેરિયાએ  આદેશ આપ્યો છે..  જસદણના પ્રાંત અધિકારી દ્વારા શાળાના આચાર્યો અને શિક્ષકોને સોંપવામાં આવેલી ફરજનો પરિપત્ર કરવામા આવ્યો હતો..

આ પરિપત્રની માહિતી મળતા શિક્ષણ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે    , વિદ્યાર્થીઓના ભવિષ્યનું ઘડતર કરતા શિક્ષકોને શિક્ષણકાર્ય ઉપરાંત લોકમેળામાં મહાનુભાવોના ભોજન સંચાલનની જવાબદારી સોંપવી બિલકુલ અયોગ્ય છે. વિદ્યાર્થીઓના શિક્ષણના ભોગે પરિપત્ર કરીને આવી કોઈપણ જવાબદારીઓ શિક્ષકોને સોંપવી એ ઉચિત નથી.

. . . .

# PRAKRUTIK KHETI

ખેડા જિલ્લાનાં ઠાસરા તાલુકાના કોટલીંડોરા અને ગળતેશ્વર તાલુકાના સોનીપુર ખાતે પ્રાકૃતિક ખેતી ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજાઇ ગયો. જેમાં ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલે ખેડૂતોને જંતુનાશકોના ઉપયોગ વિના કુદરતી પદ્ધતિઓ અપનાવીને ખેતી કરવા માટે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ સમજાવ્યા હતા . ઠાસરા અને ગળતેશ્વર તાલુકાના ખેતી સહાયક સોઢા દલપતસિંહે જીવામૃત , બીજામૃત, ઘનજીવામૃત જેવા જૈવિક ખાતરો અને જંતુનાશકો બનાવવાની રીતો તેમજ તેના ઉપયોગ વિશે પ્રાયોગિક ઉદાહરણો સાથે સમજણ આપી હતી.

કાર્યક્રમના અંતે, ઘણા ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ કર્યો હતો અને આ પ્રકારના જાગૃતિ કાર્યક્રમો ભવિષ્યમાં પણ યોજાય તેવી આશા વ્યક્ત કરી હતી.

. . . . . . . .

# VANDE BHARAT STOPAGE

પશ્ચિમ રેલવે દ્વારા મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કૅપિટલ વંદે ભારત ઍક્સપ્રેસ ટ્રેનને પ્રાયોગિક ધોરણે વલસાડ મથક પર વધારાનું સ્ટૉપેજ અપાયું છે. 27 જુલાઈથી ગાંધીનગર કૅપિટલથી ઉપડનારી ગાંધીનગર કેપિટલ-મુંબઈ સેન્ટ્રલ વંદે ભારત વલસાડ મથક પર પણ રોકાશે.

આ ટ્રેન સાંજે પાંચ-ને 51 મિનિટે વલસાડ મથકે પહોંચશે અને બે મિનિટ બાદ પ્રસ્થાન કરશે. ટ્રેન ગાંધીનગર કૅપિટલથી બપોરે 2 વાગ્યેને પાંચ મિનિટની જગ્યાએ બે વાગ્યે ઉપડશે. તેના કારણે અમદાવાદ , આણંદ, વડોદરા અને સુરત મથક પર આ ટ્રેનના સમયમાં ફેરફાર કરાયો છે.

...........